# ભગવાન જો સમ અને કસમને ગંભીરતાથી લેતા થઈ જાય તો વસ્તી વધારાનો પ્રશ્ન ઉકેલાઈ જાય

**''ભગવાન જો સમ અને કસમને ગંભીરતાથી લેતા થઈ જાય તો વસ્તી વધારાનો પ્રશ્ન ઉકેલાઈ જાય.''**

**Have a 'no cheating week' - આશીષ કક્કડ (ફેસબુક)**

નવરાત્રીમાં ગરબે ઘૂમતાં-ઘૂમતાં ઓળખાણ, દોસ્તી અને ત્યારબાદ પ્રેમ થઈ ગયા પછી એકબીજાના ફોન નંબરની આપ-લે થાય અને કસમ અપાય - પ્રેમના કોલ થાય - વાયદાઓ થાય. પણ આ નવ દિવસથી શરૂ થયેલો મુલાકાતનો દોર કેટલા સમય સુધી ચાલશે તે કહેવું મુશ્કેલ છે ! આજના આ ફાસ્ટ યુગમાં બધું જ ઝડપી અને ઈન્સ્ટન્ટ હોય છે. કોઈની પાસે ઊંડાણમાં જોવાનો કે ઝાંકવાનો સમય જ નથી. નવરાત્રી બાદ દશેરાએ રાવણ પર ચાલેલા મેસેજીસમાં પણ આ વર્ષે એક નવો **'Trend'** જોવા મળ્યો છે. રાવણ વિષે સહાનુભૂતિ અને અનુકંપા દર્શાવતા મેસેજીસ. જેમ કે, ''સીતા જીવતા મળ્યા એ રાજા રામની તાકાત છે પરંતુ, સીતાજી પવિત્ર મળ્યા એ રાવણની પણ મર્યાદાની મિસાલ છે.'' (પુલકભાઈ ત્રિવેદી) તેમજ ''રામ તમારા યુગનો રાવણ તો સારો હતો, દસે-દસ ચહેરા દેખાય તેમ રાખતો હતો!'' જો કે, એ વાત માનવી જ પડશે કે આ મેસેજીસ પણ પળવાર માટે તો આપણને વિચારતા કરી જ મૂકે. રાવણ દહન એટલે કે વિદ્વાન બ્રાહ્મણનો અહંકારના કારણે થયેલા વિનાશ માત્ર નહિ પણ દરેક પુરુષમાં રહેલી રાક્ષસીવૃત્તિઓનું દહન. સંજયભાઈ થોરાત જેવા હાજરજવાબી લેખકો તરત જ આ પ્રકારના મેસેજીસને પડકારતી પંક્તિઓ લખે કે,



''ફક્ત પુરુષ જ કેમ એના અંદરના રાવણને મારે ?
સ્ત્રી પણ એની અંદરની કૈકેયી, મંથરા, શુર્પણખાને મારે !!''




અને આ વાત સાથે આપણે સહમત થવું જ પડે કે દરેક બાબતમાં સ્ત્રી પુરુષ સમોવડી છે તો સીતાએ વચનપરાયણ રહેવામાં રામની જેમ અડગ રહેવું આવશ્યક હતું!

પ્રોમીસ, સમ કે કસમ એ વાયદાના વિવિધ પ્રકાર સમાન છે. શક્તિ ચાલીસામાં દુલા ભાયા કાગ લખે છે કે,

''માડી! તારી આણ છે રામની રેખા આગળે રાવણ ઊભો રે જી
માડી! તારા લીટાને લોપીને જાશે તો જાનકીનાં જોખમ થાશે રે જી.''

અત્યારે સાંપ્રત સમયમાં દરેક આંગણે રાવણરુપી નરભક્ષક દ્વારે ઊભો છે પરંતુ, જાનકીને જોખમ ત્યારે જ થાય જયારે તે લક્ષ્મણરેખાને ઓળંગે; અહીં લક્ષ્મણરેખા એટલે મર્યાદા નહિ પણ વાત છે લક્ષ્મણને આપેલા વાયદાની કે સીતાએ આ રેખાની બહાર ન જ આવવું. અહીં વાત છે કરેલા વાયદાને પાળવાની, પ્રોમીસ પાળવાની. સ્ત્રી કે પુરુષ બંને જયારે કોઈ વચનથી બંધાય ત્યારે તેને સંપૂર્ણપણે વફાદાર રહેવાની ફરજ બંનેની સમાનરુપ રહે! આજના યુગની નારી પોતાની ગરિમા અને સમ્માન જાળવી શકે તેટલી સક્ષમ બની છે માટે તેને કશાનો ભય નથી. વર્ષો પૂર્વે જયારે રામે સીતાની અગ્નિપરીક્ષા કરી ત્યારે જે રામ સાથે તમામ દુઃખ, દર્દ સહેવા તૈયાર રહેલી સીતા રામના અન્યાયને ન સહેતાં ધરતીની ગોદમાં સમાઈ ગઈ. કોણે કહ્યું કે રામે સીતાનો ત્યાગ કર્યો હતો? ત્યાગ તો સીતાએ રામનો કરેલો.

જન્મથી માંડીને મૃત્યુ સુધી માણસ અનેક સંબંધોના તાંતણે જીવનને ગૂંથતો રહે છે. આજીવન આ સંબંધોમાં વિવિધ રંગોની પૂરણી કરીને એક સુંદર ચિત્રનું સર્જન કરે છે. સંબંધોરુપી આ ચિત્રમાં કયારેક તેનાથી કોઈ છેક-છાક થાય કે ભૂલથી રંગોની ભેળસેળ થઈ જાય તો પણ તે હતાશ થયા વિના તેને સુંદરમાં સુંદર રીતે **Presentable** બનાવવાના અવિરત પ્રયાસો કરતો રહે છે. માનવજીવનરુપી આ વિવિધરંગી ચિત્રમાં જો એકબીજાને કરવામાં આવતા નાનામાં નાના વાયદાને પાળવામાં આવે તો તેમાં **Cheating** નો કોઈ અવકાશ ન રહે અને **transparency** જળવાઈ રહે. વાતવાતમાં ચણા-મમરાની જેમ સમ ખાવાની ટેવ હોય અને તેને ગંભીરતાથી ન લેતા હોય તેવા લોકો માટે આપણે ઈશ્વરને પ્રાર્થના કરીએ કે ઈશ્વર તેમના 'સમ'ને થોડા વધુ **seriously** લે કે જેથી તેઓ ફરીવાર આ પ્રકારની ભૂલ કરતાં ડરે કે વિચારે! એકબીજાને આપવામાં આવતા નાના-નાના વાયદાઓને પણ પૂરેપૂરી નિષ્ઠાપૂર્વક નીભાવી શકીએ તો જીવનના તમામ સંબંધો ખૂબ સુંદર રીતે નીખરી ઊઠશે !

**- nehalgadhavi101@gmail.com**

# મુન્નવર રાણાને મોદીનું નોતરું

## તંત્રીસ્થાનેથી....

સાહિત્ય અકાદમીના ૨૦૧૪ના વર્ષનો ઉર્દૂ માટેનો એવોર્ડ મેળવનાર જાણીતા શાયર મુન્નવર રાણા ગ્વાલિયર ખાતે મુશાયરામાં હતા ત્યારે એમણે વડાપ્રધાન કાર્યાલય તરફથી મુલાકાત માટેનું ઈજન મળ્યું. બીજા ઘણા બધા સાહિત્યકારોએ સરકારી સમ્માન પાછું વાળી દીધું છે અને મોદી સરકારની સાંપ્રદાયિક છબી સામે ઉગ્ર આક્રોશ વ્યક્ત કર્યો છે. કલબુર્ગી અને દાદરી જેવી ઘટનાઓથી વ્યથિત થયેલા સંવેદનશીલ સર્જકોની પંગતમાં ગુજરાતના જાણીતા ગીતકવિ અનિલ જોશીનો પણ સમાવેશ થાય છે. લોક બોલી અને ભાષાવિજ્ઞાનના જાણતલ સંશોધક પ્રો. ગણેશ દેવીએ પણ આ રાષ્ટ્રીય સરકારી સંસ્થાનો એવોર્ડ પરત કર્યો છે. નયનતારા સહગલથી શરૂ થયેલો સર્જક વિદ્રોહ અશોક વાજપેયી જેવા મૂર્ધન્ય કવિ અને કે. સચ્ચિદાનંદ જેવા સર્જક પર્યંત વિસ્તર્યો છે. મુન્નવર રાણાએ એણનો એવોર્ડ એબીપી ન્યૂઝ નામની ટીવી ચેનલ મારફતે પરત કરીને 'લાઈમ લાઈટ' માં રહેવાનું પસંદ કર્યું હતું. તે સમયે એમને વ્યતિત સ્વરે દેશમાં પ્રવર્તમાન સાંપ્રદાયિકતા પ્રત્યે અને સર્જકો સામે તોળાઈ રહેલ નિરંકુશ ભય સંદર્ભે કેટલીક સ્પષ્ટ રજૂઆતો કરી હતી. મોદીએ આટલા બધા સર્જકો પૈકી એક માત્ર મુન્નવર રાણાને મળવા બોલાવ્યાં એમાં પણ એમની રાજકીય ગણતરી છે. મુન્નવર મુસલમાન છે. એમની સાથે સદ્ભાવપૂર્ણ વ્યવહાર કરીને મોદી દેશના મુસલમાનોને એક પોઝિટિવ મેસેજ પાઠવવા માગતા હોય તે બનવાજોગ છે. પરંતુ મુન્નવર રાણાએ મોદીને મળવા આવવા માટે કેટલીક શરતો મૂકી છે. એમણે કહ્યું છે કે વડાપ્રધાને બીજા દસેક સાહિત્યકારોને પણ બોલાવવા જોઈએ. એમણે વિનમ્રતાપૂર્વક કબૂલ્યું છે કે ઘણા બધા સર્જકો એમનાં કરતાં ચઢિયાતા છે, સિનિયર છે. એટલે એમની પાછળ પાછળ ચાલીને વડાપ્રધાનને મળવું મને ગમશે. જો કે મુન્નવર રાણા ભૂલી જાય છે કે એમની સાથે આ રીતે વડાપ્રધાનને મળીને એવોર્ડ પરત લેવા ભાગ્યે જ કોઈ સ્વમાની સાહિત્યકાર જવાનું પસંદ કરશે. રાણા તો મોદી વિશે ઘણો ઊંચો અભિપ્રાય ધરાવે છે. બગડેલા માહોલ માટે તેઓ વડાપ્રધાનને હરગિજ જવાબદાર ગણતા નથી. એની સામે અશોક વાજપેયી કે કે. સચ્ચિદાનંદ તો ડાબેરી વિચારસરણીને અને અંશતઃ ગાંધીની વિચારધારાને વરેલા માણસો છે. મુન્નવર રાણાની માફક તેઓ મોદી સાહેબનાં ચંપલ ઉઠાવવાની વાત તો સપનામાં પણ ન વિચારી શકે! સાહિત્યકારોમાં કેટલાક મુન્નવર રાણાઓ પણ છે અને થોડાક અશોક વાજપેયીઓ પણ છે. બેઉને પબ્લિસિટી ગમે છે પરંતુ એક વાર હાકોટો કર્યા પછી અશોક વાજપેયી સોનાની લંકા મળશે તોય પારોઠનાં પગલાં નહીં ભરે, જયારે મુન્નવર રાણા તો પીએમઓ તરફથી કહેણ આવતાંની સાથે પીગળી જશે. તેઓ દોડીને વડાપ્રધાનને ગળે લગાવી 'ફૂટફૂટ કર' રોવા માગે છે. વળી તેઓ માને છે કે એમને મળશે ત્યારે મોદી પણ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડયા વિના નહીં રહે. રાણા 'મા' વિશેની એમની ગઝલો માટે લોકપ્રિય છે. મોદી પણ એમનાં વયોવૃદ્ધ માતાને સંભારીને વારંવાર ગળગળા થઈ જતા હોય છે. સાહિત્યકારોને વેવલાવેડા પોસાય નહીં. એમણે રાણા કહે છે એ રીતે 'માસૂમ બાળક' સમજીને રમકડું પકડાવી દઈ રાજી કરી શકાય નહીં. એ રીતે રાજી થઈ જનારા રાણા જેવા શાયરો ફક્ત સભારંજન કરી શકે, કદાચ ભલામણો કરાવીને એવોર્ડો મેળવી શકે, જે વળી તાકડો જોઈને પાછો આપી દે અને એમાંથી પણ પબ્લિસિટી રળી લે! સાહિત્યકાર એના સમયનો સ્વયંસિદ્ધ નેતા હોય છે. એ નેતાનાં પગરખાં ઉપાડવાની વાત તો સ્વપ્ને પણ ન વિચારી શકે!

# આજે વોટ્સ એપમાં મળેલા સુંદર મજાના સંદેશાઓ ત્રીજી મિનિટે ફરીથી વાંચવાનું તમને મન થાય છે ખરું? હા કે ના?

*લો*
*ચાર લીટીનો કાગળ થઈને અને આપને મળવા આવ્યા.*
*હરુભરુનો ખ્યાલ લઈને અક્ષરને ઓળખવા આવ્યા.*
*આમ જુઓ તો લખવા જેવું કામ નથી કંઈ અને છતાં છે.*
*જુદાં ગણો તો આપણા બેનાં નામ નથી કઈ અને છતાં છે.*
*લખવામાં તો કાં, કેમ છો, બેઠા છો ને? પૂછવા જેવું*
*નથી લખ્યું તે તમે સમજો આંખ ભીને લૂંછવા જેવું*
*ભરબપોરે ટપાલ રસ્તે ઝરણું થઈ ખળખળવા આવ્યા*
*ચાર લીટીનો કાગળ થઈને અને આપને મળવા આવ્યા*

**- ધ્રુવ ભટ્ટ**

દિવસે ડાબા હાથના ખિસ્સામાં હૃદય સથે ધબકતા અને રાત્રે ઓશીકા પાસે પડ્યા પાથર્યા રહેતા મોબાઈલમાં વોટ્સએપમાં સતત સંદેશાઓ ઝળક્યા કરે છે. મઢાવી લઈએ એવી ચોટદાર રચનાઓ હોય છતાં બીજે દિવસે યાદ રહેતા નથી એ 'મેસેજીસ'. કેમ કે એમાં હૃદયનો ધબકાર નથી. સાચી લાગણીઓ નથી, આપણા માટેની ચિંતા નથી, આપણા માટેની તડપ એમાં નથી. એટલે રંગબેરંગી ચિત્રો વચ્ચે ગોઠવાયેલા હોવા છતાં એ સંદેશાઓ નિષ્પ્રાણ લાગે છે અને જે વાંચે એના હોવાથી, આપણા પોતાના માટેના અંગત લાગતા નથી.

એના કરતાં મારી ઊંમરના હોય તેમને પૂછો. બા-બાપુજી તરફથી માત્ર પંદર પૈસાનું પોસ્ટકાર્ડ આપણને મળ્યું હોય, નાનકડાં આ પોસ્ટકાર્ડમાં કેટલું કહેવાયું હોય? તો યો વારેવારે વાંચવાનું મન થતું.

વાંચ્યા પછી સ્વીચબોર્ડની તિરાડમાં ખોસી રાખેલું હોય તોયે ટાઈમ મળે ત્યારે પાછું વાંચી લેવાનું મન થતું. પછી આપણા જવાબની રાહ જોતાં બા-બાપુજીને વળતી ટપાલે જવાબ લખાતો. બંને પક્ષે ખરા બપોરે આવતાં ટપાલીની રાહ જોવાતી (જાણે રોજ એ ટપાલી આપણા પત્રોની હેરફેર માટે જ ના ફરતો હોય!) પણ એની મજા હતી.

પાછા કોઈ કોઈ ધીરજવાળા અને ચીવરવાળાં તો થોડાં વધારે પૈસા ખર્ચીને ૬૫ પૈસાવાળું 'અંતરદેશીય' પક્ષ લખે. એમાં વધારે ઝીણવટથી સમાચારોની આપ-લે થાય. બાકી રહેતું હોય તો બીડ્યા માટેની પટ્ટીઓમાં પણ આડી લીટીઓમાં જાણવા જોગ લખાણ અને પૂરો કસ નીકળે તેમ બધા ખાલી જગા પૂરાય પછી જ લખનારને સંતોષ થાય અને એ 'અંતરદેશીય' બિડવામાં આવે. વાંચનારને પણ પૈસા વસૂલ!

અને નવી નવી સગાઈ થઈ હોય તેવાં માટે ૫૦ પૈસામાં મળે કવર. ચાહે તેટલું લખો - મન મૂકીને લખો - બધું અંદર સમાઈ જશે. અને ખાનગી રહેશે તે નફામાં?




પોતાના ઘર ભણી આવતો દેખાતો ટપાલી સૌનો માનીતો હતો. ચોક્કસ સમયે એની રાહ જોવાની. અને આપણી ટપાલ એના થેલામાંથી ના નીકળે તો મોં પડી જતું. આજકાલ ટપાલીની કોઈ ભાગ્યે જ રાહ જૂએ છે. કેમ કે હવે એ લાગે છે જાતજાતની કંપનીઓના એન્યુઅલ રીપોર્ટ કે બેંકોની બેલેન્સશીટ.

આજે પણ કબાટમાં કંઈક ફંફોશતાં જૂના મળી આવે છે આપણાં પ્રિય સ્વજનોના લખેલા પક્ષો - જે સાચવીને મૂકી રાખેલા છે. પીળા પડી ગયેલા કાગળો અને ઝાંખા થઈ ગયેલા અક્ષરો હોવા છતાં એ પત્રો હજુએ વાંચવા ગમે છે. મન ભૂતકાળમાં સરી પડે છે. સૌ કોઈ યાદ આવી જાય છે. ગમતી વાતો - પ્રસંગો મન સમક્ષ દેખાવાં માંડે છે અને ગયેલો એ સમય ફરી જીવી લેવાય છે.

હવે મારે પુછવું છે કે આજે વોટ્સ એપમાં મળેલા સુંદર મજાના સંદેશાઓ ત્રીજી મિનિટે ફરીથી વાંચવાનું તમને મન થાય છે ખરું? હા કે ના?

# સંસ્કૃત પંડિતોની નહીં, બહુજનની ભાષા બને

હમણાં કેન્દ્રીય માનવ સંસાધન પ્રધાન સ્મૃતિ ઈરાનીએ દિલ્હીસ્થિત રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન નામક તેમના મંત્રાલય હેઠળના વિશ્વવિદ્યાલયના પાંચમા પદવીદાન સમારંભમાં કુલાધિપતિના હોદ્દાની રૂએ સંસ્કૃતના સરળીકરણથી એને લોકભાષા બનાવવા પર ભાર મૂક્યો. સંસ્કૃત ક્યારેક ભારતીય સંસ્કૃતિની દ્યોતક એવી બોલચાલની ભાષા હતી. દેશ સવા સો કરોડ કરતાં વધુની જનતામાંથી આજે કેવળ ૧૪,૫૦૦ લોકોની જ એ માતૃભાષા કે બોલચાલની ભાષા રહી છે. દેશના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુથી લઈને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુધીના તમામ સંસ્કૃતના સમર્થક હોવા છતાં ભાષા લુપ્ત થવામાં છે. એવા સંજોગોમાં શ્રીમતી ઈરાનીએ એના સરળીકરણ થકી એને બહુજનની ભાષા બનાવવાની દિશામાં કાર્યરત રહેવા અને સંશોધન કરવાની આગ્રહી ભૂમિકા અપનાવી એ નિશ્ચિત આવકાર્ય અને અભિનંદનીય છે. સંસ્કૃત માત્ર ભારતીય ભાષાઓની જ જનની છે એવું નથી, એમાંથી જ ઈંડો-યુરોપીય ભાષાઓની પણ જન્મી છે. ભારતના બંધારણના આઠમા પરિશિષ્ટની ૨૨ ભાષાઓમાં સંસ્કૃત સ્થાન ધરાવે છે, પણ એના ભણી સરકારી જ નહીં; પ્રજાકીય ઉદાસીનતાએ એને લુપ્ત થતી ભાષામાં સ્થાન અપાવ્યું છે. જોકે ભારતીય વસ્તીગણતરીમાં ૧૦,૦૦૦થી વધુ લોકો જે ભાષાને પોતાની માતૃભાષા લેખાવતા હોય તેને સ્થાન મળે છે અને એમાં સંસ્કૃત માંડ ટકી છે. સરકારે એને ક્લાસિકલ લૅંગ્વેજનો દરજ્જો આપ્યો છે એટલે પ્રાચીન તમિળ અને લૅટિનની જેમ એ જીવંત રહી છે ખરી, પણ જ્ઞાન-વિજ્ઞાનના એના ભવ્ય વારસા ભણી બહુજન સમાજ જ નહીં, સંસ્કૃતના પંડિતો પણ વિમુખ થતા ચાલ્યા છે. કમનસીબે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી)ના નિર્દેશ છતાં સંસ્કૃતમાં પીએચ.ડી. કરનારાઓના મહાનિબંધો સંસ્કૃતમાં જ લખાવા કે સ્વીકારવાનો આગ્રહ રાખવાને બદલે ગુજરાતમાં તો એ ગુજરાતીમાં રજૂ કરવાનું સ્વીકારી લેવાયું છે. ભાષાને ગુજરાતીમાં ભણાવાતી હોય ત્યારે એમાં સંભાષણ નામશેષ થવું સ્વાભાવિક છે. અધ્યાપકો પણ જ્યાં સંસ્કૃત બોલી ના બોલી શકતા હોય, ત્યાં વિદ્યાર્થીઓને તેઓ સંસ્કૃતમાં બોલવાનું કે લખવાનું શીખવવાની સ્થિતિમાં હોય જ ક્યાંથી?





જોકે વર્તમાન કેન્દ્રીય પ્રધાનો સ્મૃતિ ઈરાની અને સુષ્મા સ્વરાજ થોડા વખત પહેલાં બૅંગકૉંગ (થાઈલૅન્ડ)માં ૧૬મા વિશ્વ સંસ્કૃત સંમેલનમાં સામેલ થયાં હતાં. થાઈલૅન્ડનાં રાજકુમારી સંસ્કૃતનાં પંડિતા છે. ૬૦ દેશોમાંથી સંસ્કૃતના ૬૦૦ જેટલા વિદ્વાનો આ વર્ષે સંસ્કૃતમાં ઉપલબ્ધ વૈશ્વિક જ્ઞાનભંડારોની ચર્ચા માટે મળ્યાં હતાં. ઘરઆંગણે સંસ્કૃતભારતી સંસ્થા સંસ્કૃતમાં બોલચાલની તાલીમના વર્ગોનું રાષ્ટ્રવ્યાપી અભિયાન ચલાવે છે. કૉમ્પ્યુટર માટેની સૌથી શ્રેષ્ઠ ભાષા તરીકે સ્વીકૃત સંસ્કૃત ક્યારેક દલિતો અને વંચિતોને જ ભણાવાતી નહોતી, પણ હવે સંસ્કૃત અને ગુજરાતી ભાષાના શિક્ષકો-અધ્યાપકોમાં બહુમતી દલિત-આદિવાસી શિક્ષક-અધ્યાપકની છે. સંસ્કૃતના સાર્વત્રિક વિકાસ છતાં એ હજુ લોકભાષા બની શકી નથી. ક્યારેક બંધારણ મુસદ્દા સમિતિના અધ્યક્ષ ડૉ.ભીમરાવ આંબેડકર સંસ્કૃતને રાષ્ટ્રભાષા બનાવવાના આગ્રહી હતા, પરંતુ આ દરખાસ્ત બંધારણ સભા સધી ચર્ચા માટે પહોંચી શકી નહોતી. કમનસીબે સંસ્કૃતને હિંદુઓની અને ઉર્દૂને મુસ્લિમોની ભાષા ગણી લેવાની ભ્રમ-વૃત્તિનું પ્રચલન છે. જ્ઞાન-વિજ્ઞાનના એના ભવ્ય વારસા ભણી બહુજન સમાજ જ નહીં, સંસ્કૃતના પંડિતો પણ વિમુખ થતા ચાલ્યા છે. કમનસીબે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન(યુજીસી)ના નિર્દેશ છતાં સંસ્કૃતમાં પીએચ.ડી. કરનારાઓના મહાનિબંધો સંસ્કૃતમાં જ લખાવા કે સ્વીકારવાનો આગ્રહ રાખવાને બદલે ગુજરાતમાં તો એ ગુજરાતીમાં રજૂ કરવાનું સ્વીકારી લેવાયું છે. ભાષાને ગુજરાતીમાં ભણાવાતી હોય ત્યારે એમાં સંભાષણ નામશેષ થવું સ્વાભાવિક છે. અધ્યાપકો પણ જ્યાં સંસ્કૃત બોલી ના બોલી શકતા હોય, ત્યાં વિદ્યાર્થીઓને તેઓ સંસ્કૃતમાં બોલવાનું કે લખવાનું શીખવવાની સ્થિતિમાં હોય જ ક્યાંથી?

જોકે વર્તમાન કેન્દ્રીય પ્રધાનો સ્મૃતિ ઈરાની અને સુષ્મા સ્વરાજ થોડા વખત પહેલાં બૅંગકૉંગ (થાઈલૅન્ડ)માં ૧૬મા વિશ્વ સંસ્કૃત સંમેલનમાં સામેલ થયાં હતાં. થાઈલૅન્ડનાં રાજકુમારી સંસ્કૃતનાં પંડિતા છે. ૬૦ દેશોમાંથી સંસ્કૃતના ૬૦૦ જેટલા વિદ્વાનો આ વર્ષે સંસ્કૃતમાં ઉપલબ્ધ વૈશ્વિક જ્ઞાનભંડારોની ચર્ચા માટે મળ્યાં હતાં. ઘરઆંગણે સંસ્કૃતભારતી સંસ્થા સંસ્કૃતમાં બોલચાલની તાલીમના વર્ગોનું રાષ્ટ્રવ્યાપી અભિયાન ચલાવે છે. કૉમ્પ્યુટર માટેની સૌથી શ્રેષ્ઠ ભાષા તરીકે સ્વીકૃત સંસ્કૃત ક્યારેક દલિતો અને વંચિતોને જ ભણાવાતી નહોતી, પણ હવે સંસ્કૃત અને ગુજરાતી ભાષાના શિક્ષકો-અધ્યાપકોમાં બહુમતી દલિત-આદિવાસી શિક્ષક-અધ્યાપકની છે. સંસ્કૃતના સાર્વત્રિક વિકાસ છતાં એ હજુ લોકભાષા બની શકી નથી. ક્યારેક બંધારણ મુસદ્દા સમિતિના અધ્યક્ષ ડૉ.ભીમરાવ આંબેડકર સંસ્કૃતને રાષ્ટ્રભાષા બનાવવાના આગ્રહી હતા, પરંતુ આ દરખાસ્ત બંધારણ સભા સધી ચર્ચા માટે પહોંચી શકી નહોતી. કમનસીબે સંસ્કૃતને હિંદુઓની અને ઉર્દૂને મુસ્લિમોની ભાષા ગણી લેવાની ભ્રમ-વૃત્તિના પ્રચલનને કારણ બેઉ ભાષાએ સહન કરવાનું આવ્યું છે. સોમનાથ લૂંટનાર અને ભાંગનાર મહંમદ ગઝનીની રાજભાષા સંસ્કૃત હતી એ વાત ઘણાને આશ્ચર્ય પમાડી શકે છે. ટીપુ સુલતાન સંસ્કૃતનો જ્ઞાતા હતો અને શૃંગેરીના શંકરાચાર્ય ભણી ખૂબ આદરભાવ ધરાવતો હતો. સંસ્કૃતમાં એના ૩૦ પત્રો મળે છે. એવું જ ભારતીય ભાષા ઉર્દૂનું છે. પંડિત શંકરદયાળ શર્મા(સદ્ગત રાષ્ટ્રપતિ), ડૉ.મનમોહન સિંહ(પૂર્વ વડાપ્રધાન), કુલદીપ નાયર (પૂર્વ સાંસદ અને પત્રકારશિરોમણિ) જેવા ઘણા મહાનુભાવો ઉર્દૂ માધ્યમમાં શિક્ષણ લઈને દેશ-વિદેશમાં ખ્યાતિ મેળવતા થયા છે.




સંસ્કૃતને પ્રજાની બોલચાલની ભાષા બનાવવાની દિશામાં સભાન પ્રયાસો કરવામાં આવે તો શ્રીમતી ઈરાનીનું મિશન સફળ થવાનું અશક્ય નથી. મુંબઈમાં પત્રકારત્વના દિવસોમાં પંડિત ગુલામ દસ્તગીર બિરાજદાર જેવા પ્રાથમિક શાળાના હિંદીના શિક્ષકને રિક્ષાચાલક પણ સમજી શકે એટલી સરળતાથી સંસ્કૃત બોલતા સાંભળવા એ લહાવો હતો. પંડિતજી સોલાપુરની પાઠશાળામાં ભણ્યા હતા અને સંસ્કૃતનો એમને નાદ લાગ્યો હતો. એમનાં સંતાનોના નિકાહની નિમંત્રણપત્રિકાઓ પણ એ ઉર્દૂ અને સંસ્કૃતમાં છપાવતા હતા. સદ્ગત વડાંપ્રધાન ઈંદિરા ગાંધીએ એમને સંસ્કૃતના રાષ્ટ્રીય અધ્યાપક નિયુક્ત કર્યા હતા એટલું જ નહીં, આઈએએસ અને આઈપીએસ અધિકારીઓએ એમનાં વ્યાખ્યાનમાં ફરજિયાત હાજરી આપવાનું ઠરાવ્યું હતું. જોકે થોડા વખત પહેલાં પંડિત બિરાજદારનો ઈંતકાલ થયો એટલે એમની ખોટ વર્તાવી સ્વાભાવિક છે, પરંતુ બહુરત્ના વસુંધરાની ઉક્તિને સાર્થક કરતી આ ભોમકા સંસ્કૃતને લોકભાષા તરીકે પુનસ્થાર્પિત કરવા સક્ષમ છે. પંડિત બિરાજદારે તો પવિત્ર 'કુર્રાન'ના શબ્દની ઉત્પત્તિ પણ સંસ્કૃતમાંથી થયાનું જણાવતાં 'કુ+રાન' એટલે કે પ્રેષિતનો અવકાશમાંથી અવાજ આવવો એવું અર્થઘટન કર્યું હતું. જીવનનાં છેલ્લાં પહેલાં પંડિત બિરાજદારનો ઈંતકાલ થયો એટલે એમની ખોટ વર્તાવી સ્વાભાવિક છે, પરંતુ બહુરત્ના વસુંધરાની ઉક્તિને સાર્થક કરતી આ ભોમકા સંસ્કૃતને લોકભાષા તરીકે પુનસ્થાર્પિત કરવા સક્ષમ છે. પંડિત બિરાજદારે તો પવિત્ર 'કુર્રાન'ના શબ્દની ઉત્પત્તિ પણ સંસ્કૃતમાંથી થયાનું જણાવતાં 'કુ+રાન' એટલે કે પ્રેષિતનો અવકાશમાંથી અવાજ આવવો એવું અર્થઘટન કર્યું હતું. જીવનનાં છેલ્લાં પહેલાં પંડિત બિરાજદારનો ઈંતકાલ થયો એટલે એમની ખોટ વર્તાવી સ્વાભાવિક છે, પરંતુ બહુરત્ના વસુંધરાની ઉક્તિને સાર્થક કરતી આ ભોમકા સંસ્કૃતને લોકભાષા તરીકે પુનસ્થાર્પિત કરવા સક્ષમ છે. પંડિત બિરાજદારે તો પવિત્ર 'કુર્રાન'ના શબ્દની ઉત્પત્તિ પણ સંસ્કૃતમાંથી થયાનું જણાવતાં 'કુ+રાન' એટલે કે પ્રેષિતનો અવકાશમાંથી અવાજ આવવો એવું અર્થઘટન કર્યું હતું.




જીવનનાં છેલ્લાં વર્ષોમાં પવિત્ર કુર્રાનનો સંસ્કૃતમાં અનુવાદ કરવાની એમની ઈચ્છા રહી હતી. પંડિત બિરાજદારની વાતને નાગપુરના હજુ થોડા મહિના પહેલાં જ દિવંગત થયેલા લબ્ધપ્રતિષ્ઠ ઈતિહાસકાર અને સંસ્કૃતના મહાપંડિત એવા ૯૫ વર્ષના ડૉ.ન.ર.વરાડપાંડે સમર્થન આપે છે. તેમનું કહેવું હતું કે વેબસ્ટરની અંગ્રેજી ડિક્શનેરીના ચાર લાખ અંગ્રેજી શબ્દોમાંથી એક લાખ તો સંસ્કૃતમાંથી ઉતરી આવ્યા છે. તેમણે એમાંના ૧૦,૦૦૦ તો અલગ તારવીને પોતાની વાત પ્રતિપાદિત કર્યા પછી બાકીનું કામ નાગપુર યુનિવર્સિટી કરે એવી અપેક્ષા રાખી હતી.

અનુસંધાન પાના નં. ૭ પર

# ચૂંટણી પંચને ચૂંટણી પાછી ઠેલવાનો વિશેષધિકાર નથી : ગુજરાત હાઈકોર્ટ



ગાંધીનગર જીલ્લા પંચાયતના સભ્ય દ્વારા હાઈકોર્ટમાં પીટીશન કરીને રાજય સરકારે ૧ ઓકટોમ્બરના રોજ પસાર કરેલ ખરડાને ચૂંટણી પાછી ખેંચવાના ઠરાવને ગેરબંધારણીય ગણી પડકારેલ હતી અને જણાવેલ કે ચૂટણી કયા સંજોગોમાં પાછી ઠેલી શકાય તેની વ્યાખ્યા કરીને ચૂંટણી પંચ જો ઈચ્છેતો ચૂંટણી માત્ર ત્રણ મહિના સુધી પાછી ખેંચી શકે તેવી કાયદાકીય જોગવાઈ કરાઈ હતી આથી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીની મુદત પુરી થતી હોય છતાં ચૂંટણી યોજાવા માટે જાહેરનામું બહાર પાડેલ નહિ અને ચૂંટણી રાજયના અશાંત વાતાવરણના કારણે પાછી ખેંચવાના ઠરાવને રાજય સરકારે સમર્થન આપતા આ પગલાને પીટીશનમાં ન્યાયોચીત ગણાવેલ નહિ. ચૂંટણી પંચે તેની બંધારણીય ફરજ નિભાવી નથી તેવું સ્પષ્ટ તારણ હાઈકોર્ટના ધ્યાનમાં આવતા તાત્કાલિક ચૂંટણી માટેના જાહેરનામા બહાર પાડવાનો આદેશ કરેલ છે.




જસ્ટીસ જયંત પટેલે જણાવેલ કે ચૂંટણી પંચની ફરજ છે કે ચૂંટાયેલ પાંખની મુદત પૂરી થાય ત્યાં સુધીમાં નવી ચૂંટણીની તારીખો જાહેર કરી દેવી જોઈએ નામદાર કોર્ટે નોંધેલ છે કે જમ્મુ કાશ્મીરના અંશાત વાતાવરણમાં પણ સયમસર ચૂંટણી યોજાય છે તો ગુજરાતમાં કેમ નહિ ? જમ્મુ કાશ્મીર જેટલી સ્ફોટક સ્થિતિ હાલમાં ગુજરાતની નથી ચૂંટણી પંચે બંધારણની પ્રક્રિયાની પૂરક ભૂમીકા ભજવવાની છે. રાજય સરકારનો હાથો બની કામ કરવાનું નથી. કાયદા અને વ્યવસ્થાની સ્થિતિમાં કયાય ઉણપ આવી હોય તો નાની મોટી ઘટના કે આંદોલનના કારણે ચૂંટણીનું જરૂરી વાતાવરણ સત્તાપક્ષ તરફેણમાં ના હોય તેટલા પૂરતી ચૂંટણી પાછી ખેંચી શકાય નહિ. વિધાનસભા શું કહે છે તેની ઉપર ચૂંટણી પંચે ધ્યાન આપવાની જરૂર નથી. ચૂંટણી પંચે તો માત્ર મુદત પૂરી થાય તેવી સંસ્થાઓની ચૂંટણી તારીખનું જાહેરનામું જ બહાર પાડવાનું રહે છે. બાકીનું કામ ચૂંટણી પંચનું નથી. વિશેષધિકાર માત્ર કોર્ટ પાસે જ છે. નગરપાલીકા, મહાનગરપાલીકા અને જીલ્લા પંચાયતની ચૂંટણીની મુદત પૂરી થતી હોય ત્યાં ત્યાં ૨૫ ડિસેમ્બર સુધીમાં ચૂંટણી પ્રક્રિયા પૂરી કરવાનો આદેશ નામદાર કોર્ટે ફરમાવેલ છે. આ બાબતે રાજય સરકારનું સોગંદનામું પણ માંગેલ, ચૂંટણી પંચની નજર માત્ર અર્જુનની આંખની જેમ ચૂંટણી પર જ હોવી જોઈએ અન્યત્ર ધ્યાન દોરવાની જરૂર નથી.

**નાની મોટી ઘટના કે આંદોલનના કારણે ચૂંટણીનું જરૂરી વાતાવરણ સત્તાપક્ષ તરફેણમાં ના હોય તેટલા પૂરતી ચૂંટણી પાછી ખેંચી શકાય નહિ**

ચૂંટણી પંચને ચૂંટણી બંધ રાખવા માટે રાજય સરકારે જે સત્તાઓ,વટહુકમ પસાર કરી આપી તે ગેરબંધારણીય છે જયારે વિધાનસભાનું અસ્તીત્વના હોય અને કટોકટી જેવી સ્થિતિનું નિર્માણ થાય ત્યારે જ રાજયપાલ આવા વટહુકમ બહાર પાડી શકે છે. રાજયમાં હાલમાં આવી કોઈ જ કટોકટી જાહેર થયેલ નથી. નાની મોટી ઘટનાઓ બને અને ચૂંટણી પાછી ના ખેંચી શકાય રાજય સરકારે કાયદો અને વ્યવસ્થા જાળવવાની ફરજ નિભાવવી જોઈએ. અગાઉ નવા સીમાંકનના મુદે પણ પીટીશન કરવામાં આવી હતી જે પીટીશન હાઈકોર્ટ દ્વારા ફગાવાઈ હતી જેમાં સુપ્રિમ કોર્ટે કોઈ જ સ્ટે આપેલ નથી એટલે નવા સીમાંકન ના મુદ્દે પણ કોઈ જ સ્ટે ના હોવાથી ચૂંટણી યોજી શકાય છે. ચૂંટણી પંચને તારીખ નક્કી કરવાની સત્તા છે.

સરકાર પક્ષે મુજવણ છે કે હાલની રાજકીય અંશાત પરિસ્થિતિમાં ચૂંટણી યોજવી તેના પક્ષે કેટલો ફાયદો, ગેરફાયદો છે. પાટીદારના અનામત આંદોલનની સ્થિતિ રાજકીય સમીકરણો બદલી નાંખ્યા છે બીજી બાજુ પરિસ્થિતિનો લાભ લેવા વિરોધ પક્ષ ટાંપીને બેઠું છે તેવા સમયે કાયદો કાયદાનું કામ કરે તે જોવાનું હાઈકોર્ટનું કામ છે. યોગ્ય રીતે ચૂંટણી પંચ કામ કરે છે કે નહિ તેની ઉપર સૌની મીટ છે.